# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/057 Dt. 11/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCIના 'યાર્ન એક્ષ્પો– ૨૦૨૪'ને મળ્યો જબરજસ્ત પ્રતિસાદ, એકઝીબીટર્સને મળેલા ઢગલાબંધ ઓર્ડર્સને પગલે ૬ મહિનામાં રૂપિયા ૮૦૦ કરોડથી વધુનો બિઝનેસ જનરેટ થવાની સંભાવના

## યુરોપ, દુબઇ, કેન્યા અને સિંગાપોરના બાયર્સ ઉપરાંત દેશભરના વિવર્સની સાથે ટ્રેડર્સ, રિટેલર્સ અને ગારમેન્ટ ઉત્પાદકોએ વિઝીટ કરતા એકઝીબીટર્સને નવી સિઝન માટે બિઝનેસમાં ૨૦ ટકાથી વધારે ગ્રોથની આશા છે : ચેમ્બર પ્રમુખ વિજય મેવાવાલા

## સાંસદ શ્રી મુકેશ દલાલ અને પોલીસ કમિશ્નર શ્રી અનુપમ સિંહ ગહલોતે પણ યાર્ન પ્રદર્શનની મુલાકાત લઇ વિવિધ પ્રકારના યાર્ન તેમજ ફેબ્રિકસ વિષે માહિતી મેળવી

## ત્રણ દિવસમાં દેશના ૧૦૦થી પણ વધુ શહેરોમાંથી વિવર્સ, ટ્રેડર્સ અને ગારમેન્ટ મેન્યુફેકચરર્સ મળી ૨૧૫૩૪ બાયર્સે યાર્ન પ્રદર્શનની મુલાકાત લીધી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૯, ૧૦ અને ૧૧ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે

'યાર્ન એક્ષ્પો– ૨૦૨૪' પ્રદર્શન યોજાયું હતું. ત્રણ દિવસ દરમ્યાન યુરોપ, દુબઇ, કેન્યા, સિંગાપોર ઉપરાંત ભારતના ૧૦૦થી પણ વધુ શહેરોમાંથી કુલ ૨૧૫૩૪ વિવર્સ, ટ્રેડર્સ, રિટેલર્સ અને ગારમેન્ટ ઉત્પાદકોએ યાર્ન એક્ષ્પોની મુલાકાત લેતા એકઝીબીટર્સને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

SGCCIના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, દેશના વિવિંગ અને નીટિંગ ઇન્ડસ્ટ્રીના ઉદ્યોગકારોએ ચેમ્બર દ્વારા આયોજિત યાર્ન એક્ષ્પોમાં પ્રદર્શિત કરાયેલા જુદી જુદી વેરાયટીના યાર્ન જેવા કે ટેન્સીલ યાર્ન, કતાન, એન સિલ્ક, લાયોસેલ, ઝીન્ક લિનન, કાર્બન ફાયબર, મોઇશ્ચર મેનેજમેન્ટ, બાયો ડીગ્રેડેબલ, હેમ્પ યાર્ન, એન્ટી માઇક્રોબાયલ યાર્ન, પોલિએસ્ટર ટેક્ષ્ચ્યુરાઇઝડ યાર્ન, ડોપ ડાઇડ પોલિએસ્ટર યાર્ન, રિસાયકલ પોલિએસ્ટર યાર્ન, સિસ્લો પોલિએસ્ટર યાર્ન, મિલાન્જ યાર્ન, કેટોનિક યાર્ન, એર ટેક્ષ્ચ્યુરાઇઝડ યાર્ન, સ્લબ યાર્ન, કોટન લુક પોલિએસ્ટર યાર્ન, કોટન ફીલ પોલિએસ્ટર યાર્ન, ફેન્સી પોલિએસ્ટર યાર્ન, ઇનહેરન્ટ ફાયર રેટરડન્ટ યાર્ન અને ઇનહેરન્ટ એન્ટી બેકટેરિયલ યાર્ન વિગેરેની વિગતવાર જાણકારી મેળવી હતી.

વિવર્સની સાથે સાથે ટેક્ષ્ટાઇલ માર્કેટના ઘણા વેપારીઓ તથા રિટેલર્સે પણ યાર્ન એક્ષ્પોની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત બહાર ગામના ગારમેન્ટ મેન્યુફેકચરર્સ દ્વારા યાર્નના વિવિધ સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી. હવે યાર્ન ઉત્પાદકો પાસેથી તેઓ સેમ્પલ મંગાવશે અને નવા ફેબ્રિક ડેવલપ કરશે. આ યાર્નના સેમ્પલીંગ કરીને વિવિધ પ્રકારના નવા ફેબ્રિક અને નવા ક્રિએશનો આગામી સમયમાં સુરતમાં ડેવલપ થશે. આ યાર્નમાંથી સ્પોર્ટ્સ માટે વપરાતા ફંકશન્સ ગારમેન્ટનું ડેવલપમેન્ટ પણ સુરતથી થશે. આ ક્રિએશન ફેબ્રિક એક્ષ્પોર્ટ માટે પણ કામ લાગશે.

દરમ્યાન રવિવારે સુરતના સાંસદ શ્રી મુકેશ દલાલ અને પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલોતે પણ યાર્ન પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને વિવિધ યાર્ન તેમજ ફેબ્રિકસ વિષે વિસ્તૃત માહિતી મેળવી હતી.

ત્રણ દિવસ દરમ્યાન યુરોપ, દુબઇ, કેન્યા અને સિંગાપોરથી પણ વિદેશી બાયર્સે યાર્ન એક્ષ્પોની વિઝીટ લીધી હતી. આ ઉપરાંત દેશના ૧૦૦થી પણ વધુ શહેરોમાંથી વિવર્સ તથા ટ્રેડર્સ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા. જેમાં પ્રથમ દિવસે ૪૬૦૦, બીજા દિવસે ૭૯૫૦ અને આજે છેલ્લા ત્રીજા દિવસે ૮૯૮૪ બાયર્સ અને વિઝીટર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

ખાસ કરીને રાજ્ય બહારના બાયર્સે, એકઝીબીટર્સને ઢગલાબંધ ઓડર્સ આપ્યા હતા. જેને પગલે એકઝીબીટર્સને નવી સિઝન માટે બિઝનેસમાં ૨૦ ટકાથી વધારે ગ્રોથની આશા છે અને તેના થકી તેઓને આગામી છ મહિનામાં આશરે રૂપિયા ૮૦૦ કરોડથી વધુનો બિઝનેસ જનરેટ થશે તેવી સંભાવના છે. બહાર ગામના બાયર્સનો એકઝીબીટર્સને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો, આથી તેઓએ આગામી વર્ષે ચેમ્બર દ્વારા આયોજિત થનારા યાર્ન એક્ષ્પો– ૨૦૨૫માં એડવાન્સ બુકીગની તૈયારી પણ દર્શાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, યાર્ન એક્ષ્પોમાં દેશભરમાંથી ૯૨ યાર્નના ઉત્પાદકોએ ભાગ લઇ સિલ્વર જરી અને ગોલ્ડ જરી, ટેન્સીલ યાર્ન, કતાન, એન સિલ્ક, લાયોસેલ, ઝીન્ક લિનન, કાર્બન ફાયબર, મોઇશ્ચર મેનેજમેન્ટ, બાયો ડીગ્રેડેબલ, હેમ્પ યાર્ન, એન્ટી માઇક્રોબાયલ યાર્ન ઉપરાંત સ્પેશિયલ ફેબ્રિકસ બનાવવા માટે ઉપયોગમાં લેવાતું ૧૦૦ ટકા પોલિએસ્ટર ટેક્ષ્ચ્યુરાઇઝડ યાર્ન, ડોપ ડાઇડ પોલિએસ્ટર યાર્ન,

રિસાયકલ પોલિએસ્ટર યાર્ન, સિરો પોલિએસ્ટર યાર્ન, મિલાન્જ યાર્ન, કેટોનિક યાર્ન, એર ટેક્ષ્ચ્યુરાઇઝ્ડ યાર્ન, સ્લબ યાર્ન, કોટન લુક પોલિએસ્ટર યાર્ન, કોટન ફીલ પોલિએસ્ટર યાર્ન, ફેન્સી પોલિએસ્ટર યાર્ન, ઇનહેરન્ટ ફાયર રેટરડન્ટ યાર્ન અને ઇનહેરન્ટ એન્ટી બેકટેરિયલ યાર્ન વિગેરેનું પ્રદર્શન કરાયું હતું.